# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-04-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION 2ND PHASE

લોકસભા ચૂંટણીના બીજા તબક્કાનો પ્રચાર આજે સાંજે પૂર્ણ થશે.. તમામ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ મતદારોને પોતાના ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરી રહ્યા છે. આ તબક્કામાં 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની બેઠકો મળીને કુલ 89 બેઠકો પર મતદાન થશે.

કેરળની તમામ વીસ બેઠકો, કર્ણાટકની 28માંથી 14, રાજસ્થાનની 25માંથી 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ, મધ્ય પ્રદેશમાં છ, આસામ અને બિહારમાં પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને છત્તીસગઢમાં એક-એક બેઠક. ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીર બેઠક ઉપર મતદાન યોજાશે.. મણિપુરના બાહ્ય મણિપુર સંસદીય મતવિસ્તારના 13 વિધાનસભા ક્ષેત્રોમાં પણ તે જ દિવસે મતદાન યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ શુક્રવારે બીજા તબક્કાનું મતદાન યોજાશે, મતગણતરી ચોથી જૂને થશે.

# PORBANDAR- BJP PRACHAR

ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ સી.આર. પાટીલે આજે પોરબંદરના ભાજપના ઉમેદવાર ડો. મનસુખ માંડવિયાના સમર્થનમાં પોરબંદર ભાજપના અગ્રણીઓ સાથે બેઠક કરી હતી.

અમારા પોરબંદરના પ્રતિનિધી મહેશ લુક્કા જણાવે છે કે, આજે બપોરે પોરબંદરમાં આવેલી લોર્ડસ હોટલ ખાતે બેઠક મળી હતી. જેમાં પોરબંદર વિધાનસભાના ભાજપના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પાટીલ આજે સાંજે ભરૂચ લોકસભાના ભાજપના ઉમેદવારના સમર્થનમાં ઝાડેશ્વર સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાનારા બુથ પ્રમુખ સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

# CONG.- SURAT

કોંગ્રેસના અગ્રણી નેતા રાહુલ ગાંધી સામે બેફામ વાણી- વિલાસ કરવા બદલ ભાજપમાં જોડાયેલા ભૂપત ભાયાણી સામે આચારસંહિતાના ભંગ માટે કોંગ્રેસે ચૂંટણીપંચને અરજી કરી છે.

કોંગ્રેસના મીડીયા કો-ઓર્ડિનેટર કલ્પેશ બારોટે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને સુરત પોલીસ કમિશ્નરને પત્ર લખી ભૂપત ભાયાણી સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

# GUJ. ELECTION

અરવલ્લીમાં ૧૦૦% મતદાન થાય તે માટે અલગ અલગ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે..અરવલ્લી જિલ્લામાં ભિલોડા, મોડાસા, બાયડ મતવિસ્તારમાં ૮૫ વર્ષ કરતાં વધુ અને દિવ્યાંગ પૈકી કુલ ૫૮૫ મતદારોને હોમ વોટિંગ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મતદારો માટે પોસ્ટલ બેલટની ચુસ્ત બંદોબસ્ત સાથે વ્યવસ્થા કરવામાં આવશે..આ મતદારોને મતદાન ઘરે પોહંચીને તંત્ર દ્વારા કરાવાશે..

જ્યારે પંચમહાલમાં દિવ્યાંગ તથા 85 વર્ષથી ઉપરના 529 મતદારો પોતાના ઘરેથી મત આપશે.. જીલ્લાના 28 હજાર 941 મતદારોમાંથી 529 મતદારોએ ઘરેથી મતદાન કરવાની સંમતિ આપી હતી.. આ માટે પંચમહાલ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

દીવમાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને જનરલ ઓબ્ઝર્વર કે.એસ.લતા કુમારીની નિમણૂક કરવામાં આવી છે.. તેમણે દીવના

કેવડી, કુદમ અને ગાંધીપરા ખાતેના મતદાન મથકોની મુલાકાત લીધી હતી આ મતદાન મથક ઉપર કરવામાં આવેલી તૈયારીઓની તેમણે સમીક્ષા કરી હતી..તેમજ મતદાન મથકોનુ ઝિણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું.. ઓબ્ઝર્વરે મતદાન મથકો પર ચૂંટણીની તૈયારીઓ અંગે ઉપસ્થિત અધિકારીઓ પાસેથી જરૂરી માહિતી મેળવી હતી તેમજ  તેને લગતા વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી.

# MATDAN JAGRUTI

રાજ્યભરમાં મતદાન જાગૃતિને લગતા વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જે અંતર્ગત,

મોરબી જિલ્લાના ૮૮૯ મતદાન મથકોએ આગામી ૨૮ એપ્રિલે 'Know Your Polling Station' નું અભિયાન ચલાવાશે.. મતદારોને મતદાન મથકોએ પહોંચવામાં સુગમતા રહે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લાના ૮૮૯ મતદાન મથકો પર 'Know Your Polling Station'નું આયોજન કરવામાં આવ્યું છે.

મહેસાણા જીલ્લામાં 18થી 25 એપ્રિલ દરમિયાન વિમેન વોટીંગ અવેરનેસ વીકની ઉજવણી થઇ રહી છે ત્યારે આંગણવાડી કેન્દ્રો, મહિલા મંડળો, શાળા-કોલેજો તેમજ જિલ્લાના તમામ સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મતદાન જાગૃતિના ભજનોનું આયોજન કરાયું હતું..

દમણ- લોકસભા ચૂંટણી 2024 અંતર્ગત આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોને મતદાતા હેલ્પલાઈન દ્વારા મતદાન સંબંધિત માહિતી આપતી હતી. મતદાનને લગતા મહત્વના દસ્તાવેજો અંગેની માહિતી માટે 1950 અને 1077 દ્વારા આપવામાં આવતી સેવાઓ, સી વિજીલ એપ અને મતદાનના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી.

દિવની એક ખાનગી શાળામાં જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાપીમાં લગ્ન પ્રસંગમાં પણ મતદાન જાગૃતિનો સંદેશ પાઠવ્યો હતો..લગ્નમાં વરરાજાએ હલ્દી, સંગીત, તેમજ લગ્નના દિવસે મહેમાનો તેમજ ગ્રામજનોને અચૂક મતદાન કરવાની અપીલ કરી હતી..

# PANCHAYATI RAJ DAY

આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી મોદીએ ગ્રામીણ ભારતમાં પરિવર્તન લાવવા અને લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે પાયાના સ્તરે કામ કરનારાઓની પ્રશંસા કરી. તેમણે કહ્યું છે કે સરકાર પંચાયતી રાજ સંસ્થાઓને મજબુત બનાવવા અને લોકોના સપનાઓને સાકાર કરવાનું કાર્ય ચાલુ રાખશે.

# PALANPUR- SHRMIK DEATH

બનાસકાંઠામાં એક દુર્ઘટનામાં ૩ શ્રમિકોનાં મોત થયા છે જ્યારે અન્ય ત્રણ મજૂરોની સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પાલનપુર- ડીસા હાઈવે પર આવેલી એક પેપર મિલના કુવામાં કામ કરી રહેલા 5 મજૂરોને આજે સવારે ગૂંગળામણની અસર થઇ હતી.

આ ઘટનાની જાણ થતાં જ 108 અને ફાયર બ્રિગેડની ટીમની મદદથી મજૂરોને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જેમાં બેનાં મોત થયા હતા જ્યારે અન્ય ત્રણની સારવાર ચાલી રહી છે.. કુવામાં કામ કરી રહેલા એક મજૂરને ગુંગળામણની અસર થઇ હતી, જેને બચાવવા અન્ય ચાર મજૂરો કુવામાં ઉતરતા આ દુર્ઘટના બની હતી...